# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/3/ક્વા-૨/૧૯-૨૦/૫૯૦૨–૪** **તા.૦૫–૦૯–૧૯**

૨003 ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,**રાજકોટ**ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- 3/ક્વા-૨/૧૯-૨૦

અરજદાર: **દેવજીભાઈ ભીમજીભાઈ ભંડેરી** ગામ: વોરા કોટડા
રજૂઆત કરનાર: **અરજદાર ના પ્રતિનીધી તરીકે હેમંતભાઈ દેવજીભાઈ ભંડેરી હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી **વી.જી.મારકણા** પીજીવીસીએલ વિભાગીય કચેરી – ગોંડલ

## :: કોરમ ::

૧) ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: 30-0૭-૨૦૧૯ (મંગળવાર)

૧.0 સદર કેસની સુનાવણી તા. 30-0૭-૨૦૧૯ (મંગળવાર)ના રોજ રાખવામાં આવેલ હતી.

## :: અરજદારની રજૂઆત ::

૨.0 અરજદાર દેવજીભાઈ ભીમજીભાઈ ભંડેરી ગામ -વોરા કોટડા, તેઓની અરજીના નોંધણી નં: 3/ક્વા-૨/૧૯-૨૦ માં જણાવે છે કે, તેઓએ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી તા.૦૨–૦૮–૧૮ ના રોજ સર્વે નંબર: ૮૬ પૈકી ૩ માં આવેલ સ્વતંત્ર કુવા માટે કરેલ હતી. સદર અરજી અન્વયે સર્વે કરતા પીજીવીસીએલ દ્રારા જણાવાયેલ કે – સદર સર્વે નંબરમાં એક જોડાણ ચાલુ હોય, બીજુ જોડાણ મળી શકે નહી. જે અન્વયે અરજદારે અગાઉ ચાલુ વીજજોડાણ કરેલ તેની માહિતીના દસ્તાવેજીક પેપર્સ ની નકલ માંગેલ, તે મુજબ – ચાલુ વીજજોડાણ અપાયેલ, ત્યારે સર્વે નંબર: ૮૬ પૈકી હતુ ત્યારે ભાયુ ભાગ પડી ગયા હતા. જે વીજજોડાણ વર્ષ–૧૯૯૭ મા આપેલ છે, જયારે ૧૯૮૩ મા ભાયુ ભાગ પડેલ છે. જે તે સમયે ધનજીભાઈ ભીમજીભાઈ ભંડેરીએ કુવો બતાવેલ, તેમા સામેવાળા દ્રારા વીજજોડાણ આપેલ છે. તેમા સામેવાળા દ્રારા અથવા ગ્રાહક દ્રારા શરતચુક થી સર્વે નંબર: ૮૬ પૈકી ૩ મા જોડાણ આપી દીધેલ છે. સદર વીજજોડાણ માટેનો કુવો– જો ભાયુ ભાગમાં હોત તો, બધા તેનો ઉપયોગ કરતા હોત? વીજજોડાણ જેના નામે આપેલ છે, તે અવસાન પામ્યા છે, જેનો સર્વે નંબર: ૮૬ પૈકી ૨ હતો, પરંતુ ભુલ થી જોડાણ સર્વે નંબર: ૮૬ પૈકી ૩ મા આપેલ છે. આમ, શ્રી ધનજીભાઈ ભીમજીભાઈ ભંડેરી ના નામે વીજજોડાણ ચાલુ છે, તે પીડીસી કરાવી નાખે અથવા તો વારસાઈ મા આવેલ સર્વે નંબર: ૮૬ પૈકી ૨ પૈકી ૨ માં નામ બદલી કરાવીને શીફટીંગ કરાવી નાખે, તેવી અરજદાર ની માંગણી હોય, જેથી – **અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.**

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર દેવજીભાઈ ભીમજીભાઈ ભંડેરીએ તા.૦૨–૦૮–૧૮ ગામ–વોરાકોટડાના સર્વે નંબરઃ ૮૬ પૈકી ૩ માં ૭.૫ હોપા નુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે, અરજી નોંધણી કરાવેલ, જે અનુસંધાને – સર્વે કરતા જણાયેલ કે – સર્વે નંબરઃ ૮૬ પૈકી ૩ મા આવેલ કુવામાં ગ્રાહક શ્રી ધનજીભાઈ ભીમજીભાઈ ભંડેરી ના નમનુ ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં.: ૩૩૧૪૨/૦૦૨૧૦/૩ થી હૈયાત હોય, કંપની ના નિયમ મુજબ– એક સર્વે નંબરમાં બીજુ વીજજોડાણ મળી શકે નહી. તે અંગે ની નોટીસ અરજદારને તા.૧૮–૦૫–૧૯ અને તા.૦૭–૦૬–૧૯ થી અપાયેલ છે.

3.૧ અરજદાર ની ફોરમ સમક્ષ ની અરજી ના અનુસંધાને – રૂબરૂ સ્થળ ની મુલાકાત લીધેલ તે મુજબ – શ્રી ધનજીભાઈ ભીમજીભાઈ ભંડેરીએ તા.૧૮–૧૦–૮૯ ના રોજ સર્વે નંબરઃ ૮૬ પૈકીમાં ખેતીવાડી વીજજોડાણ ની માંગણી કરેલ. જે અનુસંધાને તા.૨૬–૦૨–૨૦૦૦ ના રોજ – વીજજોડાણ રીલીઝ કરેલ છે. આમ, જે તે સમયે શ્રી ધનજીભાઈ ભીમજીભાઈ ભંડેરીએ ખોટી જગ્યાએ સર્વે કરાવેલ છે, અને બાજુના બીજાની માલીકી ના સર્વે નંબરમાં કંપની ને ગેરમાર્ગે દોરી અને વીજજોડાણ મેળવેલ છે. જે અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ મારફત નોટીસ તા.૨૪–૦૭–૧૯ થી અપાયેલ છે. જેમા, વીજજોડાણ સર્વે નંબરઃ ૮૬ પૈકી ૩ મા આવેલ છે. જે દેવજીભાઈ ભીમજીભાઈ ભંડેરીની માલીકી નુ હોય, સદર વીજજોડાણ શા માટે રદબાતલ ન કરવુ, તે અંગે ના દસ્તાવેજીક પેપર્સ રજુ કરવા અરજદાર ને જણાવેલ છે.

3.૨ ઉપરોકત બાબતે – અરજદારશ્રી એ ધનજીભાઈ ભીમજીભાઈ ભંડેરીનુ વીજજોડાણ પીડીસી કરેલ છે, તેમજ દેવજીભાઈ ભીમજીભાઈ ભંડેરીને તા.૦૯–૦૮–૧૯ થી નવા વીજજોડાણ અંગે નુ ભાવપત્રક આપેલ છે, જે અંગે અરજદાર શ્રી એ તા.૧૯–૦૮–૧૯ ના રોજ સમાધાન પત્રમા સહી કરી આપેલ હોય, જે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રજુ કરાયેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ **પેરા નં ૨.0 અને** પેરા નં 3.0 અન્વયે અરજદારની સદર ફરિયાદનું **પી.જી.વી.સી.એલ. કક્ષાએથી** નિરાકરણ થતા - અરજદારની લેખિત સમંતિ મુજબ – સમાધાનપત્ર(પુરશીશ) તા.૧૯–૦૮–૧૯ થી રજુ કરાયેલ છે.

૪.૨ **આમ, ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય**, અરજદારની સદર ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

| | |
|---|---|
| (શ્રીમતી કે. જે. મોટાણી) | (જે.બી.પારેખ) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |